# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-09-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – વર્લ્ડ ફૂડ ઇન્ડિયા

2025 કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિવિધતા, માંગ અને નવીનતાને કારણે ભારત સૌથી આકર્ષક રોકાણ સ્થળ છે. તેમણે કહ્યું કે ભારત વૈશ્વિક ખાદ્ય સુરક્ષામાં સતત યોગદાન આપી રહ્યું છે. પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે છેલ્લા 10 વર્ષમાં દેશમાં ખાદ્યાન્ન ઉત્પાદનમાં વધારો થયો છે.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે છેલ્લા દસ વર્ષમાં ભારતમાં 25 કરોડ લોકોએ ગરીબી દૂર કરી છે. તેમણે કહ્યું કે આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ છે, જ્યાં ઘણા સ્ટાર્ટ-અપ્સ ખાદ્ય અને કૃષિ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે નાના ખેડૂતો બજારમાં એક મુખ્ય શક્તિ બની રહ્યા છે અને સરકારે નાના ખેડૂતોને મદદ કરવા માટે ઘણી નીતિઓ અમલમાં મૂકી છે.

------------------------------------------------------------------------------------------

## રાજ્ય સરકાર – નવા તાલુકા : જાહેરનામું

રાજ્ય સરકારે તમામ નવા 17 તાલુકા અને બનાસકાંઠા જિલ્લા વિભાજન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. હવે આગામી બીજી ઑક્ટોબરથી નવા તાલુકા અને વાવ-થરાદ જિલ્લો અસ્તિત્વમાં આવશે..

------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ : મ.ન.પા. વિસ્તરણ

ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારના વિસ્તરણ અંગે વધુ પાંચ ગામો પડાણા, ચુડાવા, મીઠીરોહર, ખારીરોહર અને ભારાપરનો સમાવેશ કરાયો છે.

ગાંધીધામ શહેરમાં રોજબરોજ વધતી જતી વસ્તી, રહેણાંક, વ્યવસાયિક અને ઔદ્યોગિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગાંધીધામ મહાનગરપાલિકાના વિસ્તારનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. આ પગલાથી શહેરના નાગરિકોને સુવિધાસભર અને આયોજનબદ્ધ વિકાસનો લાભ મળશે.

આ વિસ્તરણથી શહેરની કાયદાકીય, વહીવટી તથા નાગરિક સેવાઓ વધુ પારદર્શક અને અસરકારક બનશે. નાગરિકો માટે વધુ સગવડતા સાથે શહેરનું સંચાલન સુવ્યવસ્થિત રીતે શક્ય બનશે.

---------------------------------------------------------------------------------------------

## સ્વચ્છતા અભિયાન : સાંયરા યક્ષ

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ દ્વારા "એક દિન, એક ધંટા, એક સાથ સ્વચ્છ" મહા શ્રમદાન દિવસની ઉજવણી સાંયરા-યક્ષ ખાતે કરાઇ હતી. ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયેલા સફાઈ અભિયાનમાં ધારાસભ્ય તથા ગ્રામજનોએ શ્રમદાન કરીને જાહેર સ્થળોની સફાઇ કરી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યએ ગામલોકોને પોતાનું ઘર, આંગણું, પોતાનું ગામ નિયમિત સ્વચ્છ રાખવા, કચરો કચરા પેટીમાં નાખવા, તેમજ પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ કરવા, સ્વચ્છતાને નિયમિત આદત બનાવી, સ્વચ્છતાનું મહત્વ વિશે જાણકારી આપી શ્રમદાનના કાર્યક્રમમાં ગ્રામજનો જોડાવવા આહવાન કર્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ઋતુજન્ય રોગો – લખપત તાલુકો

ઋતુચક્ર બદલાતાં અને રાત્રે ઠંડી, દિવસે ગરમ તાપ જેવા વિષમ વાતાવરણથી જિલ્લામાં ઋતુજન્ય રોગોનું પ્રમાણ વધુ છે. છેવાડાના લખપત તાલુકામાં વાયરલ તાવનું પ્રમાણ વધ્યું છે.

દૈનિક 200થી વધુ દર્દીઓ તાવ, શરદી, કફની દવા લેવા દયાપર પહોંચી રહ્યાછે. તેમાં પણ ભેખડા-ચામરા વિસ્તારમાં તાવનું પ્રમાણ વધુ હોવાના સમાચાર છે. આરોગ્ય તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરાય તેવી માંગ સ્થાનિકેથી ઉઠી રહી છે. ભેખડા વિસ્તારમાં વાયરલ તાવ વધતાં ત્યાં ખાસ ટીમ પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

-------------------------------------------------------------------------------------------

## નવરાત્રિ પાચમું નોરતું

આજે નવરાત્રિનું પાંચમું નોરતું છે અને આ દિવસે સ્કંદમાતાની પૂજા, આરાધના કરવાનું વિશેષ મહત્વ છે. સ્કંદમાતાની મૂર્તિ પ્રેમ અને વાત્સલ્યનું પ્રતીક છે. સાથે જ તે સાક્ષાત દુર્ગાનું પ્રતીક છે. સ્કંદમાતાનું નામ ભગવાન કાર્તિકેયથી આવ્યું છે. મા દુર્ગાએ આ રૂપમાં કુમાર કાર્તિકેયને જન્મ આપ્યો હોવાથી તે સ્કંદમાતા કહેવાઈ. દરમિયાન કચ્છભરના ધાર્મિક સ્થળો પર મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવી રહ્યા છે. જિલ્લાના મુખ્ય શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ખેલૈયાઓ માતાજીની આરાધનામાં મગ્ન બન્યા છે.

-------------------------------------------------------------------------------------------

## એશિયા કપ : ભારત – પાક જંગ

એશિયા કપના જંગમાં આજે દુબઇ ખાતે ભારત અને શ્રીલંકા વચ્ચે મેચ રમાશે. સુપર ફોરના અંતિમ મુકાબલાનો આરંભ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે થશે. ભારતે બાંગ્લાદેશને 41 રને હરાવી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. એશિયા કપના ઇતિહાસમાં પહેલીવાર ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઈનલ રમાશે. આ મેચ 28 સપ્ટેમ્બર રવિવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ગઇકાલે બાંગ્લાદેશ પર 11 રનથી જીત મેળવીને પાકિસ્તાને ફાઈનલમાં સ્થાન મેળવ્યું.

-------------------------------------------------------------------------------------------

## વિકસિત ભારત નશામુક્ત યુવા સમિટ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય તથા હાર્ટફુલનેસ સંસ્થા દ્વારા યુવાનોને નશાની આદતમાંથી મુક્ત કરાવવા માટે યુવા સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજ**,** અંજાર અને ગાંધીધામ ખાતે 'વિકસિત ભારત માટે નશામુકત યુવા' નામથી યોજાયેલા આ કાર્યક્રમોમાં યુવાનોએ ઉપસ્થિત રહીને ડ્રગ્સને દૂષણને ડામવા અને ડ્રગ્સ મુક્ત સમાજ બનાવવા માટે કાર્ય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**------------------------------------------------------------------------------------**